| | | | | |
|---|---|---|---|---|
| પ્રાપ્તિ તારીખ | : | ૦૪–૦૧–૨૦૨૫ | | |
| નોંધ્યા તારીખ | : | ૦૪–૦૧–૨૦૨૫ | | |
| ફેંસલ તારીખ | : | ૦૧–૦૪–૨૦૨૬ | | |
| સમયગાળો | : | વર્ષ | માસ | દિવસ |
| | | | | |

**જામજોધપુરના મે. જયુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસની કોર્ટમાં,**
**મુ.જામજોધપુર.**

**ફોજદારી કેસ નં. ૫/૨૦૨૫**

**આંક : ૧૪**

**ફરિયાદી** :– શ્રી સરકાર

(શેઠ વડાળા પો.સ્ટે. ફર્સ્ટ ૧૧૨૦૨૦૧૩૨૪૦૨૫૩/૨૪)

**વિ....રુ....દ્ધ**

**આરોપીઓ** :– સુરેશભાઇ કરમશીભાઇ ડઢાણીયા
જાતે પટેલ ઉ.વ ૫૨ વર્ષ ધંધો ખેતી
રહેવસી શેઠવડાળા ગામ
તા.જામજોધપુર જી.જામનગર

---

**ગુન્હો:** ભારતીય ન્યાય સંહીતા ૨૦૨૩ ની કલમ–૧૧૫(૨), ૧૧૭ (૨), ૩૫૨, ૩૫૧ (૩) મુજબ

---

ફરીયાદ પક્ષ તરફે વિધ્વાન એ.પી.પી. શ્રી એસ.યુ.બાબી
આરોપીઓ પક્ષ તરફે વિધ્વાન વકીલ શ્રી એ.પી.લાલકીયા

---

# -: ચુ કા દો :-

૧- ફરીયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, ગઈ તા.૧૯/૦૯/૨૦૨૪ ના રાત્રીના આશરે અગીયારે વાગ્યાની આસપાસ આ કામના ફરીયાદી શેઠવડાળા ગામે રહેતા સદામભાઈ હુશેનમહમદ બુખારી ના ઘરે તેમના ભાઈ સીકંદર નો દીકરો શાહનવાઝ મરણ ગયેલ હોય અને તેનુ બેસણુ રાખેલ હોય ત્યારે આ કામના આરોપી સુરેશભાઈએ ફરીયાદીને કહેલ કે આપણા ગામમા જે દરબારગઢ આવેલ છે અને જે જગ્યા ખુલ્લી પડી હોય તેની હરાજી કરતો નથી અને હરાજી કરવાની હોય તો તારે મને પુછવાનુ કારણ કે મારી પત્નિ સેજલબેન પણ શેઠવડાળા ગામના ઉપ સરપંચ છે તેમ કહીને ફરીયાદી સાથે બોલાચાલી કરી ભુંડી ગાળો કાઢી ફરીને શરીરે ઢીકાપાટુનો માર મારી શરીરે મુઢ ઈજા કરી જાનથી મારી નાખવાની ધમકી આપી ગુનો કરી આરોપીએ ભારતીય ન્યાય સંહીતા ૨૦૨૩ ની કલમ- ૧૧૫(૨), ૧૧૭ (૨), ૩૫૨, ૩૫૧ (૩) મુજબનો ગુનો કરેલ છે.

ઉપર મુજબની વિગતે આરોપી વિરુધ્ધ શેઠ વડાળા પો.સ્ટે. ફર્સ્ટ ૧૧૨૦૨૦૧૩૨૪૦૨૫૩/૨૪ હેઠળ ભારતીય ન્યાય સંહીતા ૨૦૨૩ ની કલમ- ૧૧૫(૨), ૧૧૭ (૨), ૩૫૨, ૩૫૧ (૩) મુજબનો ગુનો નોંધાયેલ. સદર ગુનો નોંધાતા તપાસ કરનાર અમલદારે જરૂરી તપાસના અંતે હાલના આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો જણાતા તેઓ વિરુધ્ધ અત્રેની અદાલતમાં ભારતીય ન્યાય સંહીતા ૨૦૨૩ ની કલમ- ૧૧૫(૨), ૧૧૭ (૨), ૩૫૨, ૩૫૧ (૩) મુજબના ગુનાનું ચાર્જશીટ કરેલ છે.

૨- હાલના આરોપી વિરુધ્ધ ચાર્જશીટ રજૂ થતાં આરોપીને કોર્ટમાં હાજર થવા સમન્સ કાઢવામાં આવેલ. ત્યારબાદ આરોપી હાજર થતાં તેઓને બી.એન.એસ.એસની કલમ - ૨૩૦ અન્વયે પોલીસ પેપર્સની નકલો

વિનામૂલ્યે આપવામાં આવેલ. ત્યારબાદ, ઉપરોકત ગુના સબબ આંક–૦૩ થી તહોમતનામુ ફરમાવી તથા આરોપીની આંક–૦૪ ની પ્લી રેકડ કરતા આરોપીએ ગુનાનો ઈન્કાર કરતા કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ.

૩– ફરિયાદપક્ષે આરોપીઓ વિરુધ્ધનો કેસ પુરવાર કરવા, તેઓના કેસના સમર્થનમાં નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજૂ કરેલ છે.

**–: મૌખિક પુરાવો :–**

| સાહેદ નંબર | સાહેદનું નામ/વિગત | આંક |
|---|---|---|
| ૧. | ફરીયાદી– કિશન જીતેન્દ્રભાઇ જોષીની જુબાની | ૦૬ |
| ૨. | સાહેદ કેતનભાઇ શાંતીભાઇ મહેતાની જુબાની | ૦૮ |
| ૩. | સાહેદ રફીકભાઇ વલીમામદ ઉઢેજાની જુબાની | ૦૯ |

**–: દસ્તાવેજી પુરાવો :–**

| અનુક્રમ | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| ૧ | અસલ ફરીયાદ | ૦૭ |
| ૨ | બનાવવાળી જગ્યાનુ પંચનામું | ૧૦ |
| ૩ | ઈન્જરી સર્ટીફીકેટ | ૧૧ |
| ૪ | પુરાવો પુરો થયાની પુરશીશ | ૧૨ |

ફરીયાદપક્ષ તરફે રજૂ થયેલ સમગ્ર પુરાવો પ્રથમ દર્શનીય રીતે લક્ષમાં લેતા આરોપીનું બી.એન.એસ.એસની કલમ–૩૫૧ મુજબવિશેષ નિવેદન નોંધતા પોતે નિર્દોષ હોવાનું જણાવેલ છે. તે સીવાય પોતાના બચાવમાં વિશેષ કોઈ લેખીત પુરાવો રજુ રાખેલ નથી.

આ કામે સરકારપક્ષે એપીપીશ્રી તથા આરોપી પક્ષે તેમના વિ.વકીલશ્રીની મૌખિક દલીલ સાંભળવામાં આવેલ છે.

૪– સદરહુ કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદાઓ ઉપસ્થિત થાય છે.

(૧) શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, ગઈ તા.૧૯/૦૯/૨૦૨૪ ના રાત્રીના આશરે અગીયારે વાગ્યાની આસપાસ આ કામના ફરીયાદી શેઠવડાળા ગામે રહેતા સદામભાઈ હુશેનમહમદ બુખારી ના ઘરે તેમના ભાઈ સીકંદર નો દીકરો શાહનવાઝ મરણ ગયેલ હોય અને તેનુ બેસણુ રાખેલ હોય ત્યારે આ કામના આરોપીએ ફરીયાદીને કહેલ કે આપણા ગામમા જે દરબારગઢ આવેલ છે અને જે જગ્યા ખુલી પડી હોય તેની હરાજી કરતો નથી અને હરાજી કરવાની હોય તો તારે મને પુછવાનુ કારણ કે મારી પત્નિ સેજલબેન પણ શેઠવડાળા ગામના ઉપ સરપંચ છે તેમ કહીને ફરીયાદી સાથે બોલાચાલી કરી ભુંડી ગાળો કાઢી ફરીને શરીરે ઢીકાપાટુનો માર મારી શરીરે મુઢ ઈજા કરી જાનથી મારી નાખવાની ધમકી આપી ગુનો કરી આરોપીએ ભારતીય ન્યાય સંહીતા ૨૦૨૩ ની કલમ– ૧૧૫(૨), ૧૧૭ (૨), ૩૫૨, ૩૫૧ (૩) મુજબનો ગુનો કરેલ છે?

(૨) શું હુકમ ?

૫– ઉપરોકત મુદ્દાઓ માટેનાં નિર્ણયો હવે પછી જણાવેલ કારણોને આધારે નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

**–: કારણો :–**

૬– આ કામે ફરિયાદપક્ષે તેમનો કેસ પુરવાર કરવા માટે ઉપર પુરાવાના લીસ્ટમાં જણાવ્યા મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે.

૬.૧– ફરીયાદપક્ષે ફરીયાદી **કિશન જીતેન્દ્રભાઈ જોશી**નાઓએ **આંક–૦૬** ની સોંગદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, આ બનાવ આજથી આશરે બે વર્ષ પહેલા બનેલો. તેઓના ગામના સદામ હુશેન મહમદભાઈ બુખારીનો દિકરો ગુજરી ગયેલ હોય જેથી તેને ત્યાં બેસણામાં ગયેલ હતા. ત્યાં બીજા ઘણાંમાણસો હાજર હતા. તેઓના ગામના સુરેશભાઈ કરમશીભાઈ ડઢાણીયા પણ ત્યાં હાજર હતા. તેના પત્ની સેજલબેન શેઠવડાળા ગામના ઉપ સરપંચ હોય સુરેશભાઈએ તેમને વાતચીત કરેલ કે તમારા ગામની વચ્ચે દરબારગઢમાં હરરાજી કરવાની હોય તો તેમને તેની જાણ કરવી તે બાબતે તેઓ વચ્ચે સામાન્ય બોલાચાલી થયેલી. વ્યક્તિઓનું ટોળુ ભેગુ થઈ જતા ધકકા મુકકી થવાથી પડી જવાથી તેમને ઈજા થયેલી. મનદુ:ખના કારણે તેઓએ ફરીયાદ આપેલી. તેમ જણાવેલ આર્ક–૭ થી ફરીયાદ રજુ રાખી તેમાં પોતાની સહી ઓળખી બતાવે છે.

બચાવ પક્ષના વિ.વ.શ્રી દ્વારા ઉલટતપાસ કરવામાં આવતા એ વાત કબુલ કરે છે કે, આરોપી સાથે સામાન્ય બોલાચાલી થયેલ. સામાન્ય બોલાચાલી થતા જપાજપી થતા તેઓનુ સમતુલન ગુમાવતા પડી ગયેલ. તેમને કોઇએ માર મારેલ નથી. તેમને આરોપીએ કોઈ ધમકી આપેલ નથી. તેઓ હાલ તે જ જગ્યાએ રહે છે અને કામકાજ કરે છે. હાલના બનાવ બાદ આરોપી સાથે કોઇ અન્ય બનાવ બનેલ નથી.

૬.૨– ફરીયાદપક્ષે સાહેદ **કેતનભાઈ શાંતીભાઇ મહેતા** નાઓએ **આંક– ૮** ની સોંગદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, આ બનાવ આશરે બે વર્ષ પહેલા બનેલો, તેઓના ગામના સદામભાઈનો દિકરો ગુજરી જતા તેમને

ત્યાં બેસવા માટે ગયેલ ત્યાં તેઓના ગામના બીજા લોકો પણ હાજર હતા. ત્યાં કિશન જીતેન્દ્ર જોશી તેમજ સુરેશભાઈ કરમસીભાઈ પણ ત્યાં આવેલા અને તેમણે કિશનભાઈ જોષીને કહેલ કે તમારે જો દરબારગઢમા આવેલ જમીનમાં હરરાજી કરવી હોય તો તેમને પુછવાનુ કારણકે તેઓની પત્ની શેઠવડાળા ગામના ઉપસરપંચ છે જે બાબતે બંને વચ્ચે સામાન્ય બોલાચાલી થયેલી. પોલીસે તેઓની પુછપરછ કરેલ હોય તેવુ તેમને હાલ યાદ નથી. આરોપી તેઓના ગામના હોય જેથીઆ બનાવ આજથી આશરે બે વર્ષ પહેલા બનેલો. તેઓના ગામના સદામ હુશેન મહમદભાઈ બુખારીનો દિકરો ગુજરી ગયેલ હોય જેથી તેને ત્યાં બેસણામાં ગયેલ હતા. ત્યાં બીજા ઘણાંમાણસો હાજર હતા. તેઓના ગામના સુરેશભાઈ કરમશીભાઈ ડઢાણીયા પણ ત્યાં હાજર હતા. તેના પત્ની સેજલબેન શેઠવડાળા ગામના ઉપ સરપંચ હોય સુરેશભાઈએ તેમને વાતચીત કરેલ કે તમારા ગામની વચ્ચે દરબારગઢમાં હરરાજી કરવાની હોય તો તેમને તેની જાણ કરવી તે બાબતે તેઓ વચ્ચે સામાન્ય બોલાચાલી થયેલી. વ્યક્તિઓનું ટોળુ ભેગુ થઈ જતા ધકકા મુકકી થવાથી પડી જવાથી તેમને ઈજા થયેલી. મનદુ:ખના કારણે તેઓએ ફરીયાદ આપેલી. તેમને ફરીયાદ બતાવામા આવે છે તેમા તેઓની સહી છે જે દા.આંક ૭ થી રજુ છે. આરોપી તેઓના ગામના છે. તેઓને ઓળખે છે.

બચાવ પક્ષના વિ.વ.શ્રી ધ્વારા ઉલટતપાસ કરવામાં આવતા એ વાત કબુલ કરે છે કે, આરોપી અને ફરીયાદી વચ્ચે પ્લોટ બાબતે સામાન્ય બોલાચાલી થયેલ. સામાન્ય બોલાચાલી થતા જપાજપી થતા ફરીયાદી સમતુલન ગુમાવતા પડી ગયેલ. ફરીયાદીને માર મારેલ નથી. ફરીયાદીને આરોપીએ કોઈ ધમકી આપેલ નથી. ફરીયાદી હાલ તે જ જગ્યાએ રહે છે અને કામબાજ કરે છે. હાલના બનાવ બાદ ફરીયાદીને આરોપી સાથે કોઈ અન્ય બનાવ બનેલ નથી.

૬.૩– ફરીયાદપક્ષે સાહેદ **રફીકભાઈ વલીમામદ ઉઢેજા** નાઓએ **આંક–૯** ની સોંગદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, આ બનાવ આશરે બે વર્ષ પહેલા બનેલો. તેઓના ગામના સદામભાઈનો દિકરો ગુજરી જતા તેમને ત્યાં બેસવા માટે ગયેલ ત્યાં તેઓના ગામના બીજા લોકો પણ હાજર હતા. ત્યાં કિશન જીતેન્દ્ર જોશી તેમજ સુરેશભાઈ કરમસીભાઈ પણ ત્યાં આવેલા અને તેમણે કિશનભાઈ જોષીને કહેલ કે તમારે જો દરબારગઢમા આવેલ જમીનમાં હરરાજી કરવી હોય તો તેમને પુછવાનુ કારણકે તેઓની પત્ની શેઠવડાળા ગામના ઉપસરપંચ છે જે બાબતે બંને વચ્ચે સામાન્ય બોલાચાલી થયેલી. પોલીસે તેઓની પુછપરછ કરેલ હોય તેવું તેમને હાલ યાદ નથી. આરોપી તેઓના ગામના હોય જેથી તેઓને ઓળખે છે.

બચાવ પક્ષના વિ.વ.શ્રી ધ્વારા ઉલટતપાસ કરવામાં આવતા એ વાત કબુલ કરે છે કે, આરોપી અને ફરીયાદી વચ્ચે પ્લોટ બાબતે સામાન્ય બોલાચાલી થયેલ. સામાન્ય બોલાચાલી થતા જપાજપી થતા ફરીયાદી સમતુલન ગુમાવતા પડી ગયેલ. ફરીયાદીને માર મારેલ નથી. ફરીયાદીને આરોપીએ કોઈ ધમકી આપેલ નથી. ફરીયાદી હાલ તે જ જગ્યાએ રહે છે અને કામકાજ કરે છે. હાલના બનાવ બાદ ફરીયાદીને આરોપી સાથે કોઈ અન્ય બનાવ બનેલ નથી.

૭– ત્યારબાદ ફરીયાદ પક્ષ દ્વારા બચાવપક્ષની સંમતિથી આંક–૧૦ થી ગુનાવાળી જગ્યાનું પંચનામું તથા આંક–૧૧ થી ફરીયાદીનું સારવારનું સર્ટીફીકેટ રજુ રાખી ત્યારબાદ આંક–૧૨ થી ક્લોઝીંગ પુરસીસ રજુ રાખી સદર કામે વિશેષ કોઈ પુરાવા આપવા ન માંગતા હોવાનું જાહેર કરતાં ફરીયાદપક્ષે વધુ કોઈ પુરાવો નોંધવામાં આવેલ નથી.

૮– આમ, આ કામે રેકર્ડ પર આવેલ મૌખિક તથા દસ્તાવેજી તમામ પુરાવાનું મૂલ્યાંકન કરવામાં આવે તો ફરીયાદ પક્ષના કેસ મુજબ

તા.૧૯/૦૯/૨૦૨૪ ના રાત્રીના આશરે અગીયારે વાગ્યાની આસપાસ આ કામના ફરીયાદી શેઠવડાળા ગામે રહેતા સદામભાઈ હુશેનમહમદ બુખારી ના ઘરે તેમના ભાઈ સીકંદર નો દીકરો શાહનવાઝ મરણ ગયેલ હોય અને તેનુ બેસણુ રાખેલ હોય ત્યારે આ કામના આરોપી સુરેશભાઈએ ફરીયાદીને કહેલ કે આપણા ગામમા જે દરબારગઢ આવેલ છે અને જે જગ્યા ખુલ્લી પડી હોય તેની હરાજી કરતો નથી અને હરાજી કરવાની હોય તો તારે મને પુછવાનુ કારણ કે મારી પત્નિ સેજલબેન પણ શેઠવડાળા ગામના ઉપ સરપંચ છે તેમ કહીને ફરીયાદી સાથે બોલાચાલી કરી ભુંડી ગાળો કાઢી ફરીને શરીરે ઢીકાપાટુનો માર મારી શરીરે મુઢ ઈજા કરી જાનથી મારી નાખવાની ધમકી આપી આરોપીએ આક્ષેપીત ગુનો કરેલાનું શંકાથી પર પુરવાર થતુ નથી કારણ કે ફરીયાદીએ આંક-૬ થી રજુ પુરાવામાં પોતાની સરતપાસમાં આ બનાવ આજથી આશરે બે વર્ષ પહેલા બનેલો. તેઓના ગામના સદામ હુશેન મહમદભાઈ બુખારીનો દિકરો ગુજરી ગયેલ હોય જેથી તેને ત્યાં બેસણામાં ગયેલ હતા. ત્યાં બીજા ઘણાંમાણસો હાજર હતા. તેઓના ગામના સુરેશભાઈ કરમશીભાઈ ડઢાણીયા પણ ત્યાં હાજર હતા. તેના પત્ની સેજલબેન શેઠવડાળા ગામના ઉપ સરપંચ હોય સુરેશભાઈએ તેમને વાતચીત કરેલ કે તમારા ગામની વચ્ચે દરબારગઢમાં હરરાજી કરવાની હોય તો તેમને તેની જાણ કરવી તે બાબતે તેઓ વચ્ચે સામાન્ય બોલાચાલી થયેલી. વ્યક્તિઓનું ટોળુ ભેગુ થઈ જતા ધકકા મુકકી થવાથી પડી જવાથી તેમને ઈજા થયેલી. મનદુ:ખના કારણે તેઓએ ફરીયાદ આપેલી. તેમ જણાવી આંક-૭ થી રજુ ફરીયાદી ફરીયાદમાં પોતાની સહી ઓળખી બતાવે છે. આમ, ફરીયાદીએ પોતાની સરતપાસમાં ફરીયાદને અનુરૂપ સમર્થનકારી પુરાવો રજુ રાખેલ નથી અને હોસ્ટાઈલ જાહેર થયેલા છે. તેમની આરોપીના વિ.વકીલશ્રી દ્વારા ઉલટતપાસ ધ્યાને લેતા તેમાં પણ ફરીયાદીએ આરોપી સાથે સામાન્ય બોલાચાલી થયેલ હોવાનું અને સામાન્ય બોલાચાલી થતા જપાજપી થતા તેઓનુ સમતુલન ગુમાવતા પડી ગયેલ

હોવાનું અને તેમને કોઇએ માર મારેલ નથી. તેમને આરોપીએ કોઈ ધમકી આપેલ નથી. તેઓ હાલ તે જ જગ્યાએ રહે છે અને કામકાજ કરે છે. હાલના બનાવ બાદ આરોપી સાથે કોઇ અન્ય બનાવ બનેલ નથી હોવાની હકીકતનો સ્વીકાર કરેલ છે. આમ, ફરીયાદી પોતાની સરતપાસની હકીકતોથી તદન વિપરીત ઉલટતપાસમાં પુરાવો રજુ રાખતા હોય અને સામાન્ય બોલાચાલી થતા જપાજપી થતા તેઓનુ સમતુલન ગુમાવતા પડી ગયેલ હોય અને તેમને ઈજા થયેલ હોવાનુ સ્વીકારતા હોય તેવા સંજોગોમાં સદર ફરીયાદીનો પુરાવો ફરીયાદપક્ષના કેસને મદદરૂપ બનતો નથી તે જ રીતે ફરીયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં આંક–૮ તથા આંક–૯ થી તપાસવામાં આવેલ સાહેદોનો પુરાવો ધ્યાને લેતા તેઓએ પણ ફરીયાદીને આરોપી સાથે સામાન્ય બોલાચાલી થતા જપાજપી થતા તેઓનુ સમતુલન ગુમાવતા પડી ગયેલ હોય તેમને ઈજા થયેલ હોવાનુ તેમજ તે સિવાય કંઇ બનેલ ન હોવાની હકીકત જણાવે છે અને તેઓને એ.પી.પી.શ્રીની માખિક વિનંતીથી વિમુખ થયેલા જાહેર કરી ઉલટતપાસમાં પૂછી શકાય તેવા પ્રશ્નો પૂછવા છતાં પણ ફરીયાદપક્ષના કેસની હકિકતને અનુરૂપ એવો કોઈ પુરાવો રેકર્ડ પર લાવી શકેલ નથી. ઉલ્ટાનું સદર બંન્ને સાહેદોએ પોતાની ઉલટતપાસમાં પણ આરોપી અને ફરીયાદી વચ્ચે પ્લોટ બાબતે સામાન્ય બોલાચાલી થયેલ હોવાનું અને બોલાચાલી તથા જપાજપી થતાં ફરીયાદી સંતુલન ગુમાવતા પડી ગયેલ હોવાનું અને ફરીયાદીને કોઈ માર મારેલ ન હોવાનું કે આરોપીએ કોઈ ધમકી આપેલ ન હોવાનું સ્વીકારેલ છે. જેથી ફરીયાદ પક્ષ પડેલ સમગ્ર પુરાવા ધ્યાને લેતા એવી લેશમાત્ર કોઈ હકિકત રેકર્ડ પર આવેલ નથી કે જેથી પુરવાર થાય કે બનાવના સમયે અને સ્થળે આરોપીએ પ્લોટની હરાજી બાબતે ફરીયાદી સાથે બોલાચાલી કરી ભુંડી ગાળો કાઢી ફરીયાદીને શરીરે ઢીક્કા પાટુંનો માર મારી મુંઢ ઈજા કરી આક્ષેપીત ગુનો કરેલ છે.

આમ, ફરીયાદ પક્ષ તરફે રજૂ થયેલ ઉપરોકત તમામ પુરાવા લક્ષમાં

રાખતાં આ ગુનાના કામે હાલના આરોપીને કસુરવાર ઠરાવી શકાય એવો કોઈ સ્પષ્ટ, રસચોટ અને સંતોષકારક પુરાવો જણાઈ આવેલ ન હોઈ ફરિયાદ પક્ષ આરોપીઓ વિરુધ્ધના આક્ષેપો નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોઈ ઉપરોકત **મુદા નં.૧** નો નિર્ણય '**નકાર**' માં આપી મુદા નં.ર પરત્વે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

## –: હુ ક મ :–

૧. આ કામના આરોપી **સુરેશભાઇ કરમશીભાઇ ડઢાણીયા** જાતે પટેલ ઉ.વ પર વર્ષ ધંધો ખેતી રહેવાસી શેઠવડાળા ગામ તા.જામજોધપુર જી.જામનગર નાઓને બી.એન.એસ.એસ ની કલમ–૨૭૧ અન્વયે ભારતીય ન્યાય સંહીતા ૨૦૨૩ ની ભારતીય ન્યાય સંહીતા ૨૦૨૩ ની કલમ–૧૧૫(ર), ૧૧૭ (ર), ૩૫ર, ૩૫૧ (૩) મુજબશિક્ષાને પાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મૂકવામાં આવે છે.

ર. આ કામે આરોપીઓએ બી.એન.એસ.એસની કલમ–૪૮૧ અન્વયે ૬ (છ) મહિનાના સમયગાળા માટેના રૂા.૫૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પુરા/–) ના જામીન તથા તેટલી જ રકમનો જાતમુચરકો રજૂ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**હુકમ આજરોજ તારીખ : ૦૧લી, માહે એપ્રિલ , સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.**

સ્થળ : જામજોધપુર,
તારીખ : ૦૧–૦૪–૨૦૨૬

( નરેશકુમાર રમેશભાઈ ગોહેલ )
જયુડિશિયલ મેજિસ્ટ્રેટ ફ.ક.,
જામજોધપુર.
જજ કોડ : જીજે–૦૧૫૮૪.